જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૨/૨૦૧૯ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૩૩૧/૧૯

## અમરાઇવાડી પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીઝન નાઓના તરફથી મળેલ સુચના આધારે અને અમરાઈવાડી પો.સ્ટે સી.પો.ઈન્સ શ્રી જે.એસ.નાયક સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ.ડી.આઇ.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૪/૫૦ વાગ્યે અમરાઈવાડી ન્યુ કોટન ચાર રસ્તા ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો. દિપકભાઇ હેમુભાઇ નાઓએ બાતમી હકીકત આપેલ કે એક ઇસમ સિધ્ધી વિનાયક એસ્ટેટમાં વનરાજ જનરલ સ્ટોર પાસે જાહેર જગ્યાએ બોમ્બે વરલી મટકાના આંક ફરકનો જુગાર રમી રમાડે છે જે બાતમી હક્કીકત આધારે સદરી જગ્યાએ રેઇડ કરી (૧) પ્રવિણભાઇ ઉર્ફે પરેશ સ/ઓ ગણેશભાઇ રાઠોડ ઉવ.33 રહે. ૧૪૮/૪૮, શેઠ કોઠાવાળા વોરાની ચાલી, ડી/30 ના દવાખાના પાસે, ગોમતીપુર, અમદાવાદ શહેર (૨) યોગેશભાઇ રૂપાભાઇ મકવાણા ઉવ.30 રહે. ૪૬, રઘુવીર પાર્ક, સ્વામીનારાયણ નગર, નિકોલ ગામ રોડ, નિકોલ, અમદાવાદ શહેર નાઓ પાસેથી (૧)રોકડા રૂપીયા ૧૩૫00/- તથા (૨) કાગળની 03 ચીઠ્ઠી કિ.રૂ.00 તથા (3) ચાલુ હાલતમા એક બોલપેન કીમત રૂપીયા 00/00 તથા (૪) મોબાઇલ ફોન નંગ-03 કિ.રૂ.૭૫00/- (૫) એક મો.સા. કિ.રૂ.૧૨,000/- જે કુલ્લે કિં.રૂ.33,000/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ ગયેલ હોઈ તેઓના વિરુધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૧૨ અ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## અમદાવાદ શહેરના જુદા-જુદા પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ૫ ગુનામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડનાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ તથા અ.હે.કો જાકીરખાન મહેબુબખાન તથા અ.પો.કો મો.અશરફ ઇસ્માઇલભાઇનાઓને મળેલ સયુક્ત બાતમી આધારે નાસતો-ફરતો આરોપી મહંમદઆમીનુર મન્નાનખાન ખાન (બંગાલી) ઉ.વ ૨૪ રહે,સિયાસતનગર બંગાળીવાસના છાપરા ચંડોળા તળાવ ઇસનપુર અમદાવાદ શહેરનાને ચંડોળા તળાવ બંગાળીવાસ માથી તા ૧૯/૦૨/૨૦૧૯ ના કલાક ૨૧/૦૫ વાગે પકડી પાડેલ સદરી આરોપી નીચે મુજબના ગુનાઓમા નાસતો-ફરતો હતો તા ૨૦/૦૨/૨૦૧૯

(૧) ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૧૬/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪

(૨) ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૩૭/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪

(૩) સેટેલાઇટ પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૬૪/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૪૫૭,૩૮૦,૧૧૪

(૪) નારોલ પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૨૨૬/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૪૫૭,૩૮૦,૧૧૪

(૫) વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૯૦/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૪૫૭,૩૮૦,૧૧૪

**<u>સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :</u>**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઈન્સ પી.બી.ચૌહાણ નાઓના સુપરવિઝન હેઠળ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા દેશી દારૂના ગુનામા પકડાયેલ આરોપી બહેન ગીતાબેન ધર્મેશભાઇ ચંન્દ્રકાંતભાઇ મોદી (ચુનારા) ઉવ.૩૦ ધંધો.છુટક મજુરી રહે.રાયપુર દરવાજા બહાર રૂગનાથપુરાની પીઠની સામે, ચુનારાવાસ કાગડાપીઠ, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમા દાખલ થયેલ ગુનાને ધ્યાને લઈ સદરી આરોપી બહેન વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા સદરી વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૯૧/૨૦૧૯ તા.૨૯/૦૧/૨૦૧૯ થી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે આધારે સદર પાસા અટકાયતીને આજરોજ તા.૨૦/૦૨/૨૦૧૯ ના રોજ કલાક ૧૯/૦૦ વાગે ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઈકોર્ટ પોલીસ.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.